**Extra No. 34**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

**Vol. LXVII ]** **TUESDAY, JANUARY 13, 2026 / PAUSHA 23, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૨જી ઓગસ્ટ, ૨૦૨૫ ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીજી/૧૧૮/૨૦૨૫/એસબી.૫/બીએનએસ/૧૦૨૦૨૪/જીઓઆઇ-૧૫ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The Gujarat Witness Attendance Order Rules, 2025**

**ગુજરાત સાક્ષીને હાજર રહેવાના હુકમ બાબત નિયમો, ૨૦૨૫ સંબંધિત**

**જાહેરનામું**

**ગૃહ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨જી ઓગસ્ટ, ૨૦૨૫

**ભારતીય નાગરિક સુરક્ષા સહિતા, ૨૦૨૩.**

**ક્રમાંક: જીજી/૧૧૮/૨૦૨૫/એસબી.૫/બીએનએસ/૧૦૨૦૨૪/જીઓઆઇ-૧૫:** ગુજરાત રાજ્યને લાગુ પડતી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૬મા)ની કલમ ૧૭૯ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-

(૧) આ નિયમો ગુજરાત સાક્ષીને હાજર રહેવાના હુકમ બાબત નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

(૩) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. વ્યાખ્યા,

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો

(ક) “એનેક્ષર” એટલે આ નિયમો સાથે જોડેલું એનેક્ષર;

(ખ) “એફઆઇઆર" એટલે સંહિતાની કલમ ૧૭૩ હેઠળ રજિસ્ટર થયેલ (નોંધાયેલ) પ્રથમ માહિતી અહેવાલ:

(ગ) “માહિતી આપનાર” એટલે સંહિતાની કલમ ૧૭૩ હેઠળ એફઆઇઆરમાં નોંધ્યા મુજબ, ગુનો થયા અંગેની માહિતી પ્રથમ પૂરી પાડી હોય તેવી વ્યક્તિ;

(ઘ) “તપાસ અધિકારી” એટલે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ (હવાલો ધરાવતા) અધિકારી અથવા તપાસ હાથ ધરવા માટે, સંહિતા હેઠળ અધિકૃત કરેલ અન્ય કોઇ અધિકારી;

(ચ) “સાક્ષી” એટલે સંહિતાની કલમ ૧૭૯(૧)માં ઉલ્લેખ્યા મુજબ તપાસ હેઠળના કેસની હકીકતો અને સંજોગોથી માહિતગાર જણાતી હોય તેવી કોઈ વ્યક્તિ;

(છ) “લેખિત હુકમ” એટલે સાક્ષીને હાજર રહેવા ફરમાવવા માટે, સંહિતાની કલમ ૧૭૯(૧) હેઠળ તપાસ અધિકારી દ્વારા લેખિતમાં કાઢી આપવામાં આવેલો હુકમ;

(જ) “સંહિતા” એટલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ૪૬મો).

(૨) આ નિયમોમાં વાપરેલા પરંતુ વ્યાખ્યાયિત ન કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, સંહિતામાં અનુક્રમે તેમનો જે અર્થ કર્યો હોય તે જ અર્થ થશે.

૩. લેખિત હુકમનો પ્રકાર.-

(૧) સાક્ષીને હાજર રહેવા ફરમાવવા માટે, સંહિતામાં તપાસ અધિકારીને અનુક્રમે મુકરર કર્યાની કલમ ૧૭૯(૧) હેઠળ તેમના દ્વારા કાઢી આપવામાં આવેલો લેખિત હુકમ, એનેક્ષર-ક-માં નિર્દિષ્ટ કર્યા મુજબ હોવો જોઈશે.

(૨) લેખિત હુકમમાં,-

(ક) સાક્ષીનું નામ, સરનામું અને સંપર્ક વિગતો (ઉપલબ્ધ હોય તો);

(ખ) તપાસ હેઠળના કેસ સંબંધિત એફ.આઈ.આર. નંબર, તારીખ અને પોલીસ સ્ટેશનની વિગતો;

(ગ) કેસનું સંક્ષિપ્ત વર્ણન અને સાક્ષીને હાજર રહેવા ફરમાવવા માટેનું કારણ;

(ઘ) તારીખ, સમય અને સાક્ષીએ હાજર રહેવા ફરમાવવામાં આવ્યું છે તે સ્થળ;

(ચ) સંહિતાની કલમ ૧૭૯(૧)ના પ્રથમ પરંતુક હેઠળ, સાક્ષીને રક્ષણની જાણ કરતું નિવેદન જેમાં ૧૫ વર્ષથી ઓછી અથવા ૬૦ વર્ષથી વધુ ઉમરના કોઈપણ પુરુષ, મહિલા, માનસિક અથવા શારીરિક રીતે અશક્ત વ્યક્તિ અને ગંભીર બિમારી ધરાવતી વ્યક્તિને, તે વ્યક્તિના રહેઠાણ સિવાયના બીજા કોઈ સ્થળે હાજર થવાનું ફરમાવવું જોઇશે નહિ તે બાબતનો સમાવેશ થાય છે;

(છ) સંહિતાની કલમ ૧૭૯(૨) હેઠળની જોગવાઈ કર્યા મુજબ, હાજરી માટેના વાજબી ખર્ચને ભરપાઇ કરવા અંગેની માહિતી;

(જ) વાજબી કારણ વગર હુકમનું પાલન કરવામાં ચૂક થાય, તો સંહિતાની કલમ ૧૯૪ હેઠળ પરિણામો ભોગવવા પડી શકશે તેવી ચેતવણી.

-નો સમાવેશ થાય છે.

૪. લેખિત હુકમ કાઢી આપવા અને બજાવવા બાબત.-

(૧) તપાસ અધિકારી દ્વારા સહી કરેલી બીજી નકલમાં લેખિત હુકમ કાઢી આપવામાં આવશે અને તે પોલીસ સ્ટેશનની સત્તાવાર મહોર (સીલ) ધરાવતો હોવો જોઈશે.

નીચેનામાંથી કોઈ એક પદ્ધતિ મારફતે સાક્ષીને લેખિત હુકમ બજાવવો જોઈશે:-

(ક) વ્યક્તિગત રીતે સોંપણી: મળેલ રસીદની પહોંચ સાથે સાક્ષીને પ્રત્યક્ષ રીતે સુપરત કરીને;

(ખ) રજિસ્ટર્ડ પોસ્ટ: કેસ ડાયરી અથવા એફ.આઈ.આર.માં નોંધ્યા મુજબ સાક્ષીના સરનામા પર પહોંચ સાથે રજિસ્ટર્ડ પોસ્ટ કરીને;

(ગ) ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહાર: સાક્ષીએ ઈમેઇલ સરનામું અથવા મોબાઇલ નંબર પૂરા પાડ્યા હોય, તો ગુજરાત સરકારે માન્ય કરેલા સુરક્ષિત પ્લેટફોર્મ (ઈ-સમન્સ) નો ઉપયોગ કરીને હુકમ, ઈમેઇલ અથવા એસએમએસ મારફતે મોકલી શકાશે. રવાનગીનો રેકર્ડ (રસીદ અથવા સોંપણીની પુષ્ટિ) નિભાવવો જોઈશે.

(૨) તપાસ અધિકારીએ સુનિશ્ચિત કરવું જોઈશે કે સમન્સની બજવણી, ખાસ કરીને સહાયપાત્ર જૂથો માટે, સંહિતાની કલમ ૧૭૯(૧)ના પ્રથમ પરંતુક હેઠળ (આપવામાં આવેલા) રક્ષણનું પાલન થાય.

૫. દસ્તાવેજીકરણ અને અનુપાલન. -

(૧) તપાસ અધિકારીએ, સંહિતાની કલમ ૧૯૨ હેઠળ નિભાવેલી કેસ ડાયરીમાં, તારીખ, બજવણીની પદ્ધતિ અને રવાનગીની પહોંચ અથવા પુરાવા સહિત લેખિત હુકમ કાઢી આપ્યા અને બજાવ્યા અંગેની નોંધ રાખવી જોઈશે.

(૨) સાક્ષીની ચોક્કસ જગ્યા શોધી શકાતી નથી અથવા તે હુકમ સ્વીકારવાનો ઇનકાર કરે, તો તપાસ અધિકારીએ, કેસ ડાયરીમાં તેના કારણો નોંધવા જોઈશે.

૬. ખર્ચ ભરપાઇ કરવા બાબત.-

(૧) સંહિતાની કલમ ૧૭૯(૨) મુજબ, તપાસ અધિકારીએ સાક્ષીને, તેમના રહેઠાણ સિવાયના બીજા કોઈ સ્થળે હાજરી આપવા માટે થયેલા વાજબી ખર્ચની ભરપાઇ કરવા માટે, તેની હકદારીની જાણ કરવી જોઇશે.

(૨) સાક્ષીઓને ચૂકવવાના ખર્ચને ભરપાઇ કરવાનો દર, એનેક્ષર-ખ-માં નિર્દિષ્ટ કર્યા મુજબનો રહેશે.

(૩) ચુકવણીની રસીદ, કેસ રેકર્ડમાં નિભાવવામાં આવશે.

## એનેક્ષર-ક

## સાક્ષીની હાજરી માટેનો લેખિત હુકમ

## (ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૭૯(૧) હેઠળ)

## (જુઓ નિયમ ૩(૧))

પ્રતિ,

સાક્ષીનું પૂરું નામ,

સાક્ષીનું સરનામું,

ઉપલબ્ધ હોય, તો સંપર્ક વિગતો.

વિષય: એફ. આઈ. આર. નંબર...............માં સાક્ષી તરીકે હાજર રહેવાનો હુકમ.

શ્રીમાન/સુશ્રી/શ્રીમતી, .......................... ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૭૯(૧)થી મળેલી સત્તાની રૂએ, તમને, આથી, એફ.આઈ.આર. નંબર :..................... નોંધણીની તારીખ:........................ પોલીસ સ્ટેશન:..............કાયદાની કલમો:...................................... કેસના વર્ણન [કેસનું સંક્ષિપ્ત વર્ણન], હાજર રહેવા માટેનું કારણ:......... હાજરીની તારીખ:........... સમય: .............સ્થળ [પોલીસ સ્ટેશન અથવા સાક્ષીનું રહેઠાણ, લાગુ પડતું હોય તો]ની તપાસના સંબંધમાં નીચે સહી કરનાર તપાસ અધિકારી સમક્ષ હાજર રહેવા માટે ફરમાવવામાં આવે છે.

કાનૂની રક્ષણ:

સંહિતાની કલમ ૧૭૯(૧)ના પ્રથમ પરંતુક મુજબ, એ બાબતની નોંધ લેશો કે ૧૫ વર્ષથી ઓછી ઉંમરના અથવા ૬૦ વર્ષથી વધુ ઉંમરનાં કોઈપણ પુરુષ વ્યક્તિ, કોઈ મહિલા, માનસિક અથવા શારીરિક રીતે અશક્ત વ્યક્તિ અને ગંભીર બિમારી ધરાવતી વ્યક્તિને, તે વ્યક્તિના રહેઠાણ સિવાયના બીજા કોઈ સ્થળે હાજર થવાનું ફરમાવવું જોઇશે નહિ. તમે આ વર્ગ હેઠળ આવતા હોવ તો, નીચે સહી કરનારને તાત્કાલિક જાણ કરવા વિનંતી છે, જેથી કરીને તમારા રહેઠાણ પર તમારું નિવેદન નોંધવાની વ્યવસ્થાઓ કરી શકાય.

ખર્ચને ભરપાઇ કરવા બાબત:

સંહિતાની કલમ ૧૭૯(૨) મુજબ, તમે તમારા રહેઠાણ સિવાય અન્ય સ્થળે હાજરી આપવા માટે થયેલા વાજબી ખર્ચની ભરપાઇ કરવા માટે હકદાર છો. પ્રક્રિયા માટે સંબંધિત રસીદો, નીચે સહી કરનાર સમક્ષ રજૂ કરો.

કોઈપણ સ્પષ્ટતા માટે, નીચે સહી કરનારનો [પોલીસ સ્ટેશન સંપર્ક વિગતો] ખાતે સંપર્ક કરો.

તારીખ:

સ્થળ:

મહોર સાથે સહી,

તપાસ અધિકારીનું નામ અને હોદો,
પોલીસ સ્ટેશનનું નામ.

**એનેક્ષર-ખ**
**(જુઓ નિયમ ૬(૨))**

| **અનુક્રમાંક** (૧) | **વર્ગ** (૨) | **રૂપિયામાં ચૂકવવાની રકમ** (૩) |
|---|---|---|
| ૧. | સામાન્ય બસ દ્વારા મુસાફરી | વાસ્તવિક ભાડું |
| ૨. | કાર અથવા સમાન વાહન | રહેઠાણથી પોલીસ સ્ટેશન સુધી કિ.મી. દીઠ રૂ/. ૫ |
| ૩. | મોટર સાયકલ, સ્કૂટર, મોપેડ અથવા સમાન વાહન | રહેઠાણથી પોલીસ સ્ટેશન સુધી કિ.મી. દીઠ રૂ/. ૨ |
| ૪. | જનરલ કોચમાં ટ્રેનની મુસાફરી | વાસ્તવિક ભાડું |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**શ્રદ્ધા પરમાર,**

સરકારના ઉપસચિવ.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.02.16 10:04:10 IST